સાલ : ૧૩ / સિલસિલાવાર નંબર : ૧૩૧ / શુમારો : ૫ — કુલ પાના - ૧૬

# مشكوة الهادي
MISHKAAT UL HAADI

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. — રમઝાનુલ મોઅઝ્ઝમ-શવ્વાલુલ મુકર્રમ ૧૪૩૭ / જૂન-જૂલાઇ ૨૦૧૬

## મૌકો + મહેનત + સબર = કામિયાબી

સહી મૌકો ઈન્સાનની ઝિંદગીમાં એક અહમ કિરદાર અદા કરે છે. જે તેનો ફાયદો ઉઠાવી લે છે તેને જ તે ફલે છે. જો કે મૌકો હાથમાં લઈ લેવો એટલું જ પૂરતું નથી. સમઝી લો કે, અપને મૌકો હાસિલ થયો યાઅની એક કોરી ઝમીન હાસિલ થઈ પછી અપને અપના અમલના બીજને અપની મહેનતનું ખાતર અને સબરનું પાની આપીએ, તેનું સિંચન કરીએ તો કામિયાબીનું ફલ અપને મિલનાર જ છે. અપના અમલના બીજને મહેનત-સબરના ખાતર-પાની સાથે ખુદાતઆલા પર યકીનના તાપની પણ એટલી જ ઝરૂરત રહે છે.

કહેવાય છે કે કાલા વાંસનું બીજ બહુ જ સખત હોય છે. જે મુજબ બદામ કે અખરોટનું ઉપરનું છીલટું. આ બીજને વાવી રહ્યા બાદ લગભગ ઘણા અઠવાડિયાઓ તક તેને પાની અને ખાતર આપવું પડે છે. પહેલું સાલ ગુઝરી જાય છે એમ છતાં તેમાંથી કંઈ ઉપજતું નથી. બીજા સાલ પણ તેને મુસલસિલ ખાતર-પાની આપવામાં આવે છે. પણ કોઈ નતીજો દેખાતો નથી. આ જ મુજબનો અમલ અને ખાતર-પાની આપવાનું કામ તીસરા અને ચોથા સાલે આપા જ કરવાનું રહે છે. બેહિસાબ મહેનત કીધા બાદ પણ કંઈ જ ઉગતું નથી.

પાઁચમાં સાલના છઠ્ઠા મહીને ઝમીન માંથી નાનો જેવો તાઝા પૌદો નમૂદાર થાય છે, બીજ ફૂટે છે અને ફક્ત ૬ અઠવાડિયામાં તો તેની ફસલ આસ્માનને ચૂમતી થઈ જાય છે. સવાલ એ છે કે, આ દિલકશ અને ફાયદામંદ ફસલની ઊંચાઈ ચાલીસ ફૂટ થાવામાં ૬ અઠવાડિયા થયા કે પાઁચ સાલ? હકીકત તો એ છે કે, છેલ્લા પાઁચ સાલમાં કરવામાં આવેલા સબરનો આ નતીજો છે. ખુદાતઆલાના કરમની ઉમ્મીદનો આ કરિશ્મો છે. **મૌકાને ઝડપી તેના વાસ્તે સબર સાથે કરેલી મહેનતનું ફૂલ યાઅની કામિયાબી.**

ખુદાતઆલા હમ મુમેનીનને શહરે રમઝાનના ૩૦ અય્યામ બખ્શીને એવો ઝર્રીન મૌકો આપે છે કે, હમેં આ બાફઝિલત દિનોંમાં ખુદાની યકતાઈ, મગફેરત અને નારે દૌઝખથી આઝાદ થાવાની તૈયારીઓ કરીએ. ખુદાતઆલાએ હમને આ સુનહેરો મૌકો તો બખ્શી જ દીધેલો છે. પણ તેની કામિયાબી વાસ્તે મહેનત અને યકીનની દરકાર છે.

હમ મુમેનીનને હર લમ્હા મહેનત તો કરવી જ પડશે તો જ ઈદે સઈદનો આફતાબ જોઈ શકીશું. પછી તે મહેનત, પૂરા મહીનામાં રોઝા રાખવાની હોય, ગરમી અને શિદ્દતને બરદાશ્ત કરવાની હોય, રોઝાની હાલતમાં રોઝી વાસ્તે તદબીર કરવાની હોય, નમાઝ વાસ્તે વક્ત સાચવીને મસ્જિદમાં હાઝિર થાવાની હોય, ઈબાદતને પૂરા તૌરથી અદા કરવાની હોય, રાતે ઉઠીને નિસ્ફિલ્લૈલ અને તહજ્જુદની નમાઝ પઢવાની હોય, હર તરહના ઝાહિરી-બાતિની હુકૂકને અદા કરવાની હોય, શહરૂલ્લાહના બીજા આઅમાલ બજા લાવવાની હોય, ઘરમાં મુઆમેલાતને સંભાલવાની હોય, ખાલિક અને મખ્લૂકને ખુશ રાખવાની હોય વગૈરહ.

જે વક્ત હમેં આ તમામ ફરાઈઝને પુખ્તા નિય્યત સાથે અદા કરી દઈએ છીએ તો ખુદાતઆલાથી તેની કામિયાબી વાસ્તે ઉમ્મીદ રાખીએ છીએ. આ ઉમ્મીદની ખુશી હમને ઈદુલ ફિતરની શિકલમાં ખુદાતઆલા બખ્શે છે જેના મમ્સૂલ ઈમામુઝઝમાન (અ.સ.) છે. એક મુમિનને આપ ઈમામે હક્કના દીદારથી જે ખુશી હાસિલ થાય છે તે જ ખુશી શહરૂલ્લાહની કામિયાબીથી હમને હાસિલ થાય છે. ✯

**મૌત બાદ ગુનાહોંનો બોઝ ઉઠાવવા કરતા ઝિંદગીમાં જ તૌબા કરી લેવું ઝિયાદહ કાબિલે મન્ઝૂર છે.**

**ગુનાહોં પર દિલથી પસ્તાવો કરવો તે ખાલિસ તૌબા છે.**

## ૨૭ માં દાઇયુલ મુત્લક
## સૈ. બુરહાનુદ્દીન દાઉદજી બિન સૈ. કુતુબશાહ (ક.રૂ.) કિસ્ત-૬

૨૬ માં દાઈયુલ મુત્લક સૈ. દાઉદજી ઈબ્ને સૈ. અજબશાહ (આ.કુ.) ના બાદ સૈ. દાઉદજી ઈબ્ને સૈ. કુતુબશાહ (આ.કુ.) ૨૭ માં દાઈયુલ મુત્લક તરીકે દાઅવતે હાદીયહના માલિકો મુખ્તાર થયા. મુમેનીનની જાનો માલના મુહાફિઝ થયા. દીને હક્ક વાસ્તે ઈલ્મો અમલના સરચશ્મા બના. શહરે અહમદાબાદમાં ગૈર લોગોને દરમિયાન આપની દીનદારી અને પરહૈઝગારીથી માઅરૂફ થયા.

આપે અકીદાના કમ્ઝોર, ઈમાનના અધૂરા, માઅરેફતના કાચા અને વાત-વાતમાં ખિલાફવરઝી કરનાર લોગોને સિરાતે હક્ક પર લાવવા તેઓની અક્લો ફહેમ મુજબ દીની ઈલ્મ રૂપી હુજ્જતો દલીલના હથિયાર પૂરા તૌરથી આઝમાવા, હર બેબુનિયાદ ગુફતગૂના ખરાબ નતીજાને નાબૂદ કરવા વાસ્તે આપે દીને હક્કની મઝબૂત બુનિયાદનો સહારો લીધો. નાનામાં નાના મુખાલિફ શખ્સના દિલમાં ઘર કરી બેસેલી શયતાની તસ્વીરને આપે ખુદાતઆલાનો તકવાનો પાકો રંગ ભરીને દાઅવતે હક્કની સહી નૂરાની તસ્વીર બનાવવાની કોશિશ કરતા. તે લાકડું કદી પણ તેની અસલી હાલતમાં આવતું નથી કે, જેને સફેદ કીડાઓએ અંદરથી ખાઈ લીધું હોય. જો ફક્ત દાગ હોય તો તેને સાફ કરી શકાય છે. જે શખ્સના દિલો દિમાગમાં બુગ્ઝો અદાવત હિકદો નફરત પૂરી પૈવસ્ત થઈ ચુકી હોય તો તેને ઈલ્મો હિકમતની વાતો, મોહબ્બતો મવદ્દતની ગુફતગૂનો કોઈ અસર થાતો નથી.

આપ મૌલા ફરમાવે છે કે, દુનિયાના લોગોનો અજબ હાલ છે. સાથ-સાથ રહે છે પણ અમલમાં બિલકુલ અલગ છે. **એક જ ઉસ્તાદ પાસે તાઅલીમ હાસિલ કરે છે પણ સમઝ-બુઝમાં આસ્માન-ઝમીનનો ફરક છે.** એક ઝમીનથી જમે છે પણ તાકત-કૂવતમાં ઝરા એક જેવા નથી. જિસ્મના લેહાઝથી તમામ સરખા છે પણ ચહેરાઓ હરએકના જુદા-જુદા છે. રહેન-સહેન તેમજ ઘરના માહૌલમાં તમામ જુદા-જુદા છે. કોઈનો મિઝાજ ખુશ તો કોઈનો ગમગીન, કોઈનો નરમ તો કોઈનો સખ્ત.

કોઈ ગરીબીમાં સુકૂને દિલ માને છે તો કોઈ ખાવા પીવામાં ઐશ સમઝે છે. મગર ખુદાતઆલાને માઅલૂમ છે કે કોના કેવા હાલાત છે, કેવા આઅમાલ છે અને કેવા વિચારો છે. ખુદાતઆલા હરએકને તેની સુલાહીયત મુજબ રોઝીનો બંદોબસ્ત કરી આપે છે. તલબ મુજબ ખોરાક અતા કરી દે છે. ખુદા તે બંદાઓને અઝીઝ બનાવીને પોતાની રહેમતના નઝદીક કરી દે છે કે જે રોઝીના હર ટુકડા, હિસ્સા, લુકમા કે ઝર્રા પર ખુદાનો શુક્ર અદા કરતા હોય. ખુદાની રહેમતથી તે બંદા પછી ફક્ત બંદા નથી રહેતા, મગર જે મુજબ મારી દાઅવતના અકીદતમંદો છે, રઝા-રિઝા પર ચાલનારાઓ છે, મારો કૌલ નિકલે તે પહેલા મારી નઝરથી મારા હુકમને પહેચાનનારા છે, તે મુજબના મુખ્લિસ બંદાઓને ખુદા ફરિશ્તાઈ નૂર બખ્શે છે.


જિસ્મને ભુખ લાગે તો જમનની ઝરૂરત પડે, પ્યાસ લાગે તો પાનીની ઝરૂરત પડે, મગર હું ખુદાના દાઈની હૈસીયતથી તમને સવાલ કરૂં છું કે, તમારા જિસ્મમાં ફસાયેલો, વસેલો અને પૈવસ્ત થયેલો જાન-નફ્સ ભુખો-પ્યાસો થાય તો તેને જમન અને પાનીની ઝરૂરત કોણ પૂરી પાડશે? ખુદાતઆલાના કસમ દઈને કહું છું કે, **તમેં જેમ તમારા જિસ્મોંને સાચવો છો તેમ જાનોંને પણ સાચવો.** હમેં તેની તરબીયત કરનાર છે. ઈલ્મના પાનીથી અને અમલના જમનથી હમેં તેની તિશ્નગી અને ભુખને મિટાવનાર છે. આ તે જ વક્ત મુમ્કિન છે કે, તમેં હમારી નસીહતને ગલેથી લગાવો. હમારા કલામને બરાબર સાંભલો અને તેમાં ખુદાની આયાતે બૈયેનાતની શાનાતનો નઝારો કરો.

તમેં તમારા દિલોને એવી ઝમીન ન બનાવો કે પાની પડતાને સાથે જ સુકાઈ જાય. તે ઝમીન બાબરકત છે કે, જેના પરથી નદી-નહેર વહેતી હોય અને બહેબૂદીએ ઈન્સાનનો સબબ બનતી હોય. તે દિલ મુનવ્વર છે કે, જેએ હાસિલ કીધેલા ઈલ્મનો ફૈઝ બીજા મુસ્તહિક્ક લોગોમાં જારી થાય. જેમ એક નહેરે જારી હઝારો લોગોને પાની પહોંચાવે છે, મુડદા ઝમીનને સરસબ્ઝ-લીલી કરે છે, તેમ હમારા શીઆ કે જેમાં આલે મોહંમદ (સ.અ.) ની ઈલ્મી નહેર જારી હોય, **તે કેટલાય બેજાન દિલોંને તે ઈલ્મથી રોશની બખ્શી ઝિંદા કરે છે.**

(બકીયાહ પેજ નં. ૪ પર)

**ગુનાહોંનો ઝબાનથી ઈકરાર કરવો અને મગફેરત ચાહવી તે ખાલિસ તૌબા છે.**

## લફ્ઝી કશ-મ-કશ




**✵ ઉભી તરકીબ :**

૧) હાજીઓ ફરઝનો તવાફ દઈને બે ટેકરી દરમિયાન સઅય કરે છે, તેમાંથી એકનું નામ મરવહ છે અને બીજીનું નામ ______ છે. (૨)

૨) હસ્બોનલ્લાહો વ નેઅમલ ______, વ નેઅમલ મૌલા, વ નેઅમન નસીર. (૩)

૩) ______ મહીનાના સરદાર રમઝાનુલ મોઅઝ્ઝમ છે. (૩)

૭) જગા, મકાન. (૨)

**✵ આડી તરકીબ :**


૨) ______ પહેલા અમલ છે અને તેના બાદ અમલનો બદલો છે. (૩)

૪) આગવાલાને નારી કહેવાય અને ભીગી માટી વાલાને ______ કહેવાય. (૨)

૫) ______ અને ઔલાદ, દુનિયાની ઝીનતનો સામાન છે. (૨)

૬) જે શખ્સની પોતાની ઝબાન પર ______ હશે તે સલામત રહેશે. (૩)

✵




**ગયા શુમારાના લફ્ઝી કશ-મ-કશનો ખુલાસો :-**

**નોંધ :** કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફ્ઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર શવ્વાલુલ મુકર્રમ મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેનું નામ ઝાહિર કરવામાં આવશે. ✩

## આજનું જંક ફૂડ : બીમારીઓનું ઘર

આજની નવી પેઢીને યા એમ કહો કે, ઘરથી લંબા વક્ત તક બાહર રહેનાર કે કંપનીઓમાં જોબ કરનાર કે રવિવારે આઊટીંગ કરનાર લગભગ બધાને બાહરના ખાવાનો ચટાકો છે. થોડા-થોડા વક્તે જીભમાં સલવલાટ-લપલપાટ શુરૂ થાય છે. ચટપટી ચીઝો ખાવાની જીભની આદતને પૂરી કરવા લોગો ગમે તેવું ખાવાનું પેટમાં ઓહિયા કરી જાય છે. મગર જીભથી ઉતરેલો આ ખતરનાક ખોરાક, તેમના પેટમાં જઈને શું નુકસાન કરે છે, તેનાથી બચ્ચાંઓ અને જવાન પેઢી બિલકુલ બેખબર છે. રસ્તા પરની લારીઓથી લઈને સારી એવી દેખાતી હોટલોમાં પીરસવામાં આવતા ખોરાકમાં સફાઈ, પાકીઝગી અને ફાયદા કેટલા હોઈ શકે તેનું ગુમાન કરવું પણ મુશ્કિલ છે. લોગો એમ કેમ નથી સમઝતા કે, **હોટલોં તો મુસાફિર વાસ્તે છે, તે લોગો વાસ્તે હરગિઝ નથી કે, જે પોતે ઘરમાં જમન પકાવી શકતા હોય.**

બાહરના ખોરાક સાથે બેખબરીમાં જ અપને પેટમાં કેટલીક નવી બીમારીઓને પણ નાખતા હોઈએ છીએ, જે વાસ્તે જે-તે બીમારીનો શિકાર થયા બાદ જ ખબર પડે છે. આમાં કેટલીક બીમારીઓ એવી હોય છે, જે જલ્દીથી ધ્યાનમાં પણ આવતી નથી. જ્યારે ખબર પડે છે ત્યારે ભારી નુકસાન તો થઈ જ ગયું હોય છે.

૨૩ સાલના અલીઅકબર છેલ્લા છ સાલથી પેટના દર્દ, ડાયેરિયા અને હાજિતમાં લોહી પડવાની બીમારીથી ફિકરમંદ છે. એન્જિનીયરીંગમાં કોર્સ દરમિયાન તો તેએ જેમ-જેમ કરીને ચલાવી લીધું. મગર પ્રાઈવેટ કંપનીમાં જોબ ચાલુ કીધા બાદ તેના વાસ્તે આ દર્દ બરદાશ્તગીની હદથી બાહર થઈ રહ્યું છે. આ બીમારીથી તેનું ફક્ત જિસ્મ જ તૂટતું નથી, પણ કામ ઉપર પણ અસર પડી રહી છે. હકીકતમાં તે જંક ફૂડની બીમારી "**ક્રોહન**" નો શિકાર થયો છે. અલીઅકબર વાસ્તે સૌથી મોટો સવાલ એ હતો કે, આ બીમારીનો તે કેવી રીતે શિકાર થયો? ડૉક્ટરોંના કહેવા મુજબ આ બીમારી વાસ્તે જવાબદાર જંક ફૂડ છે યાઅની બાહરનો જેવો-તેવો ખોરાક. ફાસ્ટ ફૂડ કે જંક ફૂડથી કેટલીય નવી-નવી બીમારીઓ બાહર આવી છે, જેનાથી જવાનોને આગાહ કરવા બેહદ ઝરૂરી છે જેથી અપનું ઘર અને સમાજ સેહતમંદ-તંદુરસ્ત થઈ શકે. ✩

**ગુનાહ બાદ એમ ઈરાદો કરવો કે ઈસ્તિગફાર કરીને પાછો કોઈ વક્ત તે ગુનાહ નહીં કરે તે ખાલિસ તૌબા છે.**

## ઈબરતનાક અહાદીસે બની ઈસ્રાઈલ – કિસ્સો : ૨૪

### ઝિના શું કરે છે અને સદકો શું કરે છે?

એક ઈસ્રાઈલી ઈબાદતગુઝાર બંદો હતો. દિલો જાનથી ખુદાતઆલાની બંદગીમાં મસ્રૂફ રહેતો હતો. માલો મતાઅની કોઈ પરવાહ રહેતી ન હતી. જે કઈ ખુદાતઆલા તેને મુખ્તસરમાં મુખ્તસર રોઝી બખ્શે તેનાથી તે રાઝી રહેતો હતો. ઈબાદતની ગરઝ સિવાય દુનિયાની લઝ્ઝતોં ઉઠાવવાની કોઈ ખાસ હાજિતોં રહેતી ન હતી. આ આબિદ પોતાની ઈબાદતથી ખૂબ મુત્મઈન અને ખુશ હતો. એક એક કરીને ૭૦ સાલ ઈબાદતમાં ને ઈબાદતમાં તેના ગુઝરી ગયા.

એક દિન એવો નહેસ આવો કે, તેની બદ ઘડીઓમાં, શહેવતની આગમાં, ખૂબસૂરતીની કશિશમાં એક બૈરો સાથે બદકારી અને ઝિના કરી બેસો. જે વક્ત તેને હોંશ આવો તો ઈબાદતની તમામ દૌલત ખોઈ બેસો હતો. ૭૦ સાલની મશક્કત પર પાની ફિરી ગયું હતું. ખુદાતઆલાની રહેમત હવે લાઅનતમાં તબ્દીલ થઈ ચુકી હતી. ઈબાદતના સબબ તે આબિદની જે સરબલંદી હતી તે શરમિંદગી બની ગઈ હતી. એક ફાહેશહ ઔરતે તે આબિદને ઈઝ્ઝત બગૈર ઉરયાન કરી નાખો હતો. નબીના ઝરીએ ખુદાતઆલાએ પૈગામ મોકલો કે, **"અય કમબખ્ત આબિદ! ૭૦ સાલની તારી ઈબાદતને ખુદાએ મિટાવી દીધી છે. હર ખૈર અમલ પર પડદો નાંખી દીધો છે. જો તું તારી ખૈરીયત ચાહતો હોય તો બદકારીના ગુનાહ બદલ તું નવા તૌરથી અમલની ઈબ્તેદા કર."**

આ પૈગામે રબ્બાની સાંભલીને આબિદે ખૂબ આહોઝારી કીધી. ચંદ અય્યામ તક ખુદને એક કમ્રામાં બંધ કરી દીધો. એક દિન તેને મિસ્કીનો-ફકીરોનો ખયાલ આવો. જે કઈ દિરહમ તેએ એક થેલીમાં બચાવીને રાખા હતા તે લઈને ગામ તરફ ગયો. રસ્તામાં તેને જેટલા મિસ્કીન મિલતા ગયા તેટલાને સદકો કરતો ગયો અને આખિરમાં જે વક્ત તે પોતાના ઘર તરફ પાછો ફિરો, **તો ૭૦ જેટલા મિસ્કીનોને સદકો આપી ચુકો હતો.** આ અમલથી તેનું દિલ થોડું હલકું થઈ ગયું અને પછી તે ઈબાદત, રિયાઝત અને ઝોહાદતમાં મશ્ગૂલ થઈ ગયો. હર લમ્હો ખૌફે અઝાબે ખુદાવંદીમાં ગુઝારવા લાગો.

ખુદાતઆલાએ તે તૌબા કરનાર આબિદને નબીના ઝરીએ દોબારહ એક પૈગામ મોકલાવો. નબીએ કહ્યું કે, "ખુશા ઈકબાલ તારા, અય આબિદ! ઝિનાના સબબ તારી ૭૦ સાલની ઈબાદત રદ થઈ ચુકી હતી, પણ જે તરહથી તુંએ ફી સબીલિલ્લાહ ૭૦ મિસ્કીનને સદકો કીધો અને તેઓની હાજિતરવાઈ કીધી, **તે સબબથી ખુદાતઆલાએ તારી ૭૦ સાલની ઈબાદતને મન્ઝૂર કરી દીધી છે.** તે ઈબાદતનો તુંને મુસ્તહિક્ક બનાવી દીધો છે. તારા સદકા કરવાના અમલે તુંને આજે કામિયાબ બનાવી દીધો છે."

આ કિસ્સાથી અપને અંદાઝો આવે છે કે, શર કામનો શું અંજામ આવે છે. તે કઈ તરહ સાલોંની ઈઝ્ઝત અને ઈબાદતને ખાકમાં મિલાવી દે છે. શર ગમે તેટલું નાનું હોય, તે શર જ છે. જે મુજબ હસનત-ભલાઈ, શરને મિટાવી દે છે તે જ મુજબ નૈકી કરનાર બંદો જે વક્ત શર પર સવાર થાય છે તો તે શર તેની નૈકીના અસરને ફિકો કરી દે છે. સફેદ ચાદર પર કાલો દાગ જલ્દી દેખાય છે. પણ ખુદાતઆલાએ બંદાને તૌબા અને સદકાનો એવો નાયાબ નુસ્ખો અતા કીધેલો છે કે, **તેને અપનાવવાથી બંદો ગુનાહોંથી આઝાદ થઈ જાય છે.** શરની નજાસત તૌબાના પાનીથી ધોવાઈ જાય છે. ✫

---

(પેજ નં. ૨ નું બાકી)

તમેં આ મારા કૌલને યાદ રાખો કે, ખુદાતઆલાએ શહરૂલ્લાહને ૯ મો મહીનો કીધો છે અને તે અલીયુલ મુરતઝા (અ.સ.) ની શાન પર છે. અલીએ આઅલા પરનું ઈમાન, બીજા તમામ ઈમાનના હિસ્સાઓ કરતા ઉપર છે. શહરૂલ્લાહના આઅમાલની પણ આ જ તરહ અઝમત છે. હજ્જ સિવાય શરીઅતના તમામ અરકાન શહરૂલ્લાહમાં અદા થાય છે. બીજા મહીનાના ફરઝના સવાબ કરતા શહરૂલ્લાહના ફરઝનો સવાબ ૭૦ ઘણો છે. તે આ જ મહીનો છે કે, જેમાં એક નૈકીનો સવાબ ફરઝ મુજબ મિલે છે. આ અઝીમ સવાબને ઝાયેઅ કેમ કરી શકાય? હરગિઝ નહીં. લેહાઝા, તમેં શહરૂલ્લાહની ખૂબ ઉમ્દા તૈયારી કરો. મહેમાને રબ્બાનીની બરાબર ખાતિરદારી કરો. મહેમાન તો મૈઝબાનના ગુનાહોંને બખ્શાવીને જાય છે. તો તમેં તમારા મહેમાને ખુસૂસી શહરૂલ્લાહથી પણ એ જ તરહ ઉમ્મીદવાર થાવ. રહેમત, મગફેરત અને જન્નતની બશારત તમારાથી ઘણી કરીબ છે. ✫

**ગુસ્સાની તબીઅત રાખનાર શખ્સ એવા જંગલ-બયાબાનમાં છે જેમાં તે હલાક થઈ જાય છે.**

# અખ્બારે હાતિમીયહ

**☀ અત્તૈયેબાત અંજુમન માતહત હેલ્ધી ફૂડ હેબિટ્સ એન્ડ લાઈફ સ્ટાઈલનો સેમિનાર તેમજ હેલ્ધી સ્નેક્સ કોમ્પીટીશન :**

તા. ૧૧ રજબ ૧૪૩૭ / ૧૭ એપ્રિલ ૨૦૧૬, રવિવારે, ઝેનિથ સ્કૂલ મુકામે, સવારે ૯:૩૦ થી ૧૨:૦૦ વાગા દરમિયાન અલ મુફઝઝલહ બુસાહેબા શાફેઆબુની સદારતમાં બૈરોની મખ્સૂસ ખિદમતગુઝાર અંજુમન અત્તૈયેબાતે ઉપર મઝકૂર સેમિનાર અને કોમ્પીટીશન રાખું હતું. હુઝૂરેઆલી (ત.ઉ.શ.) ની દોઆથી પ્રોગ્રામ ખૂબ કામિયાબ રહ્યો હતો. અપની જમાઅત સિવાય પણ બીજી કૌમના અફરાદે હિસ્સો લીધો હતો. મુકાસિર મૌલાએ આ પ્રોગ્રામની સદારત કીધી હતી. સેમિનારમાં ડૉ. રૂહીબહેન અને ડૉ. હેમાંગિનીબહેને લેકચર આપું હતું.

મુકાસિર મૌલાએ ફરમાવું હતું કે, "જિસ્મ, અક્લ અને નફસને સેહતમંદ, તંદુરસ્ત અને ફિટ રાખવા જો કોઈ મુમિન નમાઝની બરાબર પાબંદી કરે અને અહલુલ બૈત (અ.સ.) એ સાદગી સાથે ઝિંદગીના જે નુસ્ખા બતાવેલા છે તેના પર ચાલે, તો તેને કોઈ તરહની શિકાયત પૈદા થાય જ નહીં. **ઝમીનથી લાગીને ઈન્સાન રહે તો તંદુરસ્ત રહે અને ઝમીનને છોડે તો બીમાર રહે.** અપને અપના જમવાના તરીકામાં તબદીલી લાવા એના સબબ સેહતમાં બિગાડ પૈદા થયો. સદીયોંથી અપના દોઆતે જે જમવાનો અને જમન પકાવવાનો તરીકો બતાવેલો છે તે અપની સેહત વાસ્તે મુકમ્મલ છે. અપના તરીકા મુજબ જે શખ્સ ત્રણ વક્તનું જમન બરાબર તેના વક્ત પર જમે, તેને બીજી કોઈ ચીઝ લેવાની ઝરૂરત નથી."

**☀ દેવડી મુબારક પર મુમેનીનના ફરઝંદો-દુખ્તરોનો જદીદ મીસાક :**

તા. ૨૪-૨૫ રજબ, શનિવાર અને રવિવારે ફજરમાં દેવડી મુબારક પર હર સાલની દાઅવતે શરીફહની નહેજ મુજબ મુમેનીનના ૪૩ જેટલા ફરઝંદો-દુખ્તરોંનોનો અહદે ઈમામુઝઝમાન (અ.સ.) લેવામાં આવો. આમ તૌર પર હુઝૂરેઆલી અલ-મૌલા અલ-મુકદ્દસ જે વક્તથી દારૂસ્સલામ પર મુકીમ થયા તે વક્તથી આ મજલિસે મીસાક દારૂસ્સલામ પર રખાતી હતી. મગર આ સાલ દારૂસ્સલામ પર તાઅમીરી કામ ચાલવાના સબબ બદરી મોહલ્લા, દેવડી મુબારક પર ફરઝંદો અને દુખ્તરોં વાસ્તે અલગ-અલગ યૌમે મજલિસ રાખવામાં આવી હતી. આ મજલિસમાં બચ્ચાંઓના વાલેદૈન તેમજ રિશ્તેદારો હાઝિર રહ્યા હતા.

હુઝૂરે પુરનૂર સૈ. હાતિમ ઝકીયુદ્દીન સાહેબે (ત.ઉ.શ.) બચ્ચાંઓ અને વાલેદૈનને નસીહત કરતા ફરમાવું હતું કે, "આજે તમેં હમારા વસીલાથી ઈમામુઝઝમાન (અ.સ.) ને મીસાક અરઝ કીધો. તમેં બાલિગ થયા. તમેં તમારા આઅમાલના જવાબદાર થયા. શરીઅતનું હર ફરઝ તમને ઉચકવું પડશે. આ તમારા વાલેદૈનથી તમારી જિસ્માની વિલાદત થઈ છે અને આજે હમેં તમારા રૂહાની વાલેદૈન થયા જેના નઝદીક તમારી રૂહાની-ઈમાની વિલાદત થઈ છે. **જિસ્માની રિશ્તો તૂટશે મગર રૂહાની રિશ્તો હમેશા વાસ્તે બરકરાર રહેશે.** આ તમારા દાઈથી તમારી પહેચાન છે. આ દાઅવતથી જમાઅત છે અને જમાઅતથી તમેં છો. આ હક્કના દીનને હક્કના દાઈથી હાસિલ કરશો તો ખુદાની રહેમતમાં રહેશો અને જો તેના ખિલાફ જાશો તો અઝાબે અલીમમાં ગિરફતાર થાશો. જેમ આગલા નાફરમાન લોગોના હાલ થયા તેમ તમારા હાલ થાશે."

"અય વાલેદૈન! હું તમારો ભલો મુશાવિર છું, ખૈરખ્વાહ છું. તમારા આ બચ્ચાં જેમ તમારી ઔલાદ છે, તેમ મારી ઔલાદ છે. મને એમની તરબીયત કરવાની છે. મને એમને સાચવવાના છે. આજનો શયતાની દૌર ઘણો ખતરનાક છે. આજ પહેલા બચ્ચાંની નઝરથી જે ચીઝોં પોશીદા રહેતી હતી તે ખુલ્લી થઈ ગઈ છે. ઈન્ટરનેટ, મોબાઈલ, ગેમ્સ, સોશીયલ મીડીયા, વોટસએપ વગૈરહના બદ-અસરાત અને ખરાબ આદતોં ધીમે ધીમે બચ્ચાંઓમાં પૈવસ્ત થઈ રહી છે. હમને હમારા બચ્ચાંઓને આ ઈબ્લીસી ચક્કરથી બચાવવાના છે. વાલેદૈન, તમેં તમારા બાલિગ બચ્ચાંઓને હમારા નઝદીક લાવા કરો. મસ્જિદમાં, મજલિસમાં, મઝારોં પર, નમાઝોમાં, જમાઅતખાનામાં, મુખ્તલિફ ફંકશનોંમાં લાવા કરો.

(બકીયાહ પેજ નં. ૬ પર)

**કોઈ વાતને સાંભળવી તેના કરતા તેને આઁખોંથી જોવું ઝિયાદહ કાબિલે મન્ઝૂર છે.**

(પેજ નં. ૫ નું બાકી)

મુમેનીનના મજમાઅ અને સમાજ સાથે બચ્ચાંઓને જોડીને રાખો, જેથી ખૈર ચીઝોની આદત પડે. નૈક દોસ્તોની સોહબત રાખવાના તરફ રગબત અપાવો. કેમકે, બદ આદતોં ખરાબ દોસ્તોંથી શુરૂ થાય છે.”

**❋ નાની કરબલા, અહમદાબાદમાં મુસાફિરખાના પાછલ ઈબાદતગાહ અને હોલની તાઅમીરની ઈબ્તેદા :**

તા. ૯ શાઅબાનુલ કરીમ ૧૪૩૭, રવિવારના દિન, અહમદાબાદમાં હુઝૂરેઆલી સૈયેદના સાહેબે (ત.ઉ.શ.), ઈબાદતગાહ અને હોલ વાસ્તે તાસીસ-સંગે બુનિયાદ મુકી. આ જગા નવા મુસાફિરખાના પાછલ આવેલી છે, જ્યાં હાલ તક લોખંડની એંગલોં પર પતરા હતા અને તેમાં નમાઝ-મજલિસ થાતી હતી. ગયા સાલ ૨૦ શાઅબાન તખ્તનશીનીના મુબારક મૌકા પર આકા મૌલાએ આ તાઅમીર વાસ્તે ઈઝહાર કીધો હતો અને મુકર્રિબુદ્દાઅવતિલ અલવીયહ ગુલામહુસૈનભાઈ અલીભાઈ કોન્ટ્રાક્ટરને તે વાસ્તે રઝા અતા કીધી હતી.

દૌરે હાતિમીની આ પહેલી બિના છે. એલાનના એક સાલ બાદ ઈરાદો તકમીલ પર પહોંચો અને આકા મૌલાએ પોતાના દસ્તે મુબારકથી આ ઈબાદતગાહની તાઅમીરની બુનિયાદનો સંગ મુબારક મુકો.

આપ મૌલાએ ૭ ઈંટો, ચાંદીના સિક્કા, તાઅવીઝ, આબે ઝમઝમ, ખાકે શિફા અને કુરઆને કરીમની તિલાવતની બરકાત સાથે રૂસુમાતે દાઅવત અદા ફરમાવી. આપે ફરમાવું કે, “બાવાજી સાહેબ અલ-હય્ય અલ-મુકદ્દસનો ખ્વાબ હતો કે, ઉર્સના મૌકાઓ પર યા જે વક્ત મુમેનીન ઝિયારત કરવા આવે, તો આ જગા પર નમાઝ અને જમન વાસ્તે બરાબર એહતેમામ હોય અને તે વાસ્તે એક બિના તાઅમીર થાય. જે તરહ મુમેનીનની ઉર્સ-બહેરમના વક્ત પર હાલત થાતી હતી તે આપને ખૂબ ખટકતી હતી. આજે પણ આ જ હાલ છે. આ જગા સૈ. અલી શહીદે આઅઝમ (આ.કુ.) ની દાઅવત અને શહાદતની જગા છે. તેના વાસ્તાથી હું દોઆ કરૂં છું કે, ખુદાતઆલા એવા અસ્બાબ બનાવે કે, આ તાઅમીર જલ્દ-અઝ-જલ્દ તકમીલ પર પહોંચે અને ઈન્શાઅલ્લાહ હમેં આવતા સાલ શહીદે આઅઝમના ઉર્સના મૌકા પર આના ઈફતેતાહની બશારત પામીએ. **આ તાઅમીર સાથે ખુદાતઆલા હમને સૈ. અલી સાહેબની કબરે અન્વરની તાઅમીરની બશારત પણ સંભલાવે.** હમને આપની કબરે અન્વરની બરકાત હાસિલ કરાવે.”

**❋ સ્ટાર ચેરીટેબલ ટ્રસ્ટના માતહત કેન્સર ડીટેક્શન કેમ્પનો પ્રોગ્રામ :**

તા. ૨૪ એપ્રિલ ૨૦૧૬, રવિવારે, ઝેનિથ સ્કૂલ મુકામે, અલ-મુઅઝ્ઝમહ નાના માઁ સાહેબા હુસ્બાનાબુની સદારતના માતહત જમાઅતના બાહોશ અને જઝબએ ખિદમત રાખનારા મુમેનાત સ્ટાર ચેરીટેબલ ટ્રસ્ટના ઝરીએ બૈરોને લગતી કેન્સરની બીમારી વાસ્તેનું ડીટેક્શન કેમ્પ રાખવામાં આવો હતો. અપની જમાઅત સિવાય બીજી કૌમના બૈરોએ પણ આ કેમ્પથી ફાયદો હાસિલ કીધો હતો. આ વાસ્તે અહમદાબાદની પૂરી ટીમ ગુજરાત ગવર્નમેન્ટની સ્કીમના સબબ મશીનોં લઈને આવી હતી. આ પહેલા પણ આ ટ્રસ્ટે અલગ-અલગ તરહના મેડીકલ કેમ્પ મુરત્તબ કીધેલા છે.

હાલમાં જે તરહથી કેન્સરની બીમારી વધી રહી છે અને લોગો તેના વાસ્તે હઝારો રૂપિયા ખરચી રહ્યા છે, તેના બાવુજૂદ શિફા થાવાની ઘણી જ કમ ઉમ્મીદ રહે છે અને લોગો આ જાનલેવા અને ખર્ચાલ બીમારીમાં પોતાની જાન ગુમાવી રહ્યા છે. બૈરોને લગતી આ બીમારીની ખબર જો પહેલા સ્ટેજ પર પડી જાય તો શિફા થાવાની ઉમ્મીદ વધી જાય છે અને દોબારહ સેહતમંદ થઈ શકાય છે. આ કેમ્પનો મકસદ પણ એ જ હતો કે, બૈરો પોતાના બાતિની આઅઝાઓમાં પૈદા થાતી આ બીમારીને છુપાવે નહીં, વાતને દબાવીને રાખે નહીં. મગર જલ્દીથી તેનો ઈલાજ કરાવે જેથી તે બીજી જગાઓમાં ફેલાય નહીં અને તેને વક્ત પર જડથી મિટાવી શકાય.

(બકીયાહ પેજ નં. ૭ પર)

**કાઅબાને જોયા કરવું તેના કરતા પૂરા અરકાન સાથે તવાફ અદા કરવા ઝિયાદહ કાબિલે મન્ઝૂર છે.**

(પેજ નં. ૬ નું બાકી)

✻ **ખિદમતે રજબીયહ વાસ્તે ત્રણ અંજુમનના અરાકીનોંની તદબીર :** હિજરી સાલનો સાતમો મહીનો રજબુલ મુરજ્જબ-નાફેલતના રોઝા, અય્યામુલ બીઝ અને લયલતુલ ઈસ્રાએ વલ મેઅરાજથી મશ્હૂર છે. નમાઝ વાસ્તે મસ્જિદોં શીઅયાને અલીથી પુર રહે છે. હુઝૂરેઆલી સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) હર વક્ત આપના બયાનમાં ફરમાવે છે કે, **"નાનામાં નાની ખિદમત જેથી મુમેનીનને રાહત મિલે યા મુમેનીન ખુશ થાય તે ખુદાતઆલા તરફથી આઅલામાં આઅલા સવાબનો સબબ બને છે."** આપ મૌલાની રઝા અને હિદાયત પર ચાલીને જમાઅતના જવાનો નમાઝીઓ અને રોઝદાર વાસ્તે ઘણી ખિદમતોં લઈ ઉઠે છે. તે વાસ્તે ખૂબ મહેનત-મશક્કત કરે છે.

આ રજબુલ મુરજ્જબમાં ત્રણ અંજુમનોંએ નુમાયા ખિદમતોં અંજામ આપેલી છે. અંજુમને ગુલામાને અલી, જે બીજા મહીનાઓમાં હર લયલતુલ જુમ્આએ યાઅની જુમેરાતે મગરિબની નમાઝમાં સલવાતો નિયાઝ વાસ્તે શીરની તકસીમ કરે છે, તેઓએ રોઝદાર મુમેનીન-મુમેનાત વાસ્તે નૂરાની મસ્જિદમાં ત્રીસે અય્યામ ઈફતારી વાસ્તે દૂધનો બંદોબસ્ત કીધો, નમાઝીઓની ખિદમતમાં ખીર-પૂરી અને સોદન્નાના સલવાતના થાલ પૈશ કીધા. બીજી એક અંજુમન, અંજુમને હુસૈનીએ ૧૩-૧૪-૧૫ ના વિલાદતે અલીવીયહના અય્યામ જે અય્યામુલ બીઝથી મશ્હૂર છે તેમાં દેવડી મુબારકથી લઈને મસ્જિદે નૂરાની તકના બદરી મોહલ્લાના હિસ્સાને અને આજવા રોડ પર મસ્જિદે તૈયેબીના નઝદીકના ઈલાકાને રોશનીથી આરાસ્તા કીધો. તીસરી અંજુમને, જે હુસૈની ચેરીટેબલ ટ્રસ્ટથી માઅરૂફ છે, તેઓએ હર સાલની ખિદમત મુજબ આ સાલ પણ ૭૦૦ જેટલા રોઝદાર બચ્ચાંઓ દરમિયાન યૌમે મબઅસના દિન યાઅની ૨૭ મી તારીખે નાયાબ હદીયા તકસીમ કીધા. બચ્ચાંઓની હોંસલાઅફઝાઈ સાથે એક અજીબ મસર્રત પૈદા થાય છે, જે વક્ત સેંકડો વાલેદૈન પોતાના બચ્ચાં સાથે બદરી મોહલ્લામાં એક જ વક્ત પર હદીયાને હાસિલ કરવા હાઝિર થાય છે. વાલેદૈન જોઈ છે કે, તેમના બચ્ચાં રોઝા રાખવામાં એકલા નથી પણ એના જેવા બીજા બેશુમાર બચ્ચાં એના કરતા કમ ઉંમરના છે, જેઓએ સવા લાખ મોતીનું રોઝું રાખું છે.

હુઝૂરેઆલી સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) ફરમાવે છે કે, આ બચ્ચાંઓને, જે મીસાકની ઉંમરને કરીબ છે, તેમના વાલેદૈન આ રોઝું અને ૧૮ મી ઝુલહિજ્જ ગદીરે ખુમ્મનું રોઝું ઝરૂર રખાવે, કે તેમને ફરઝના રોઝા રાખવા તરફ રગબત થાય અને પરહૈઝગારી તરફ માઈલ થાય.

✻ **બાવાજીસાહેબ અલ-મૌલા અલ-મુકદ્દસની વરસી અને ઝિક્ર :**

સિલસિલતુદ્દોઆતિલ મુત્લકીનની તસ્બીહે મુબારકના ૪૪ માં દાઈએ અન્વર અને અદ્દોઆતુલ હિન્દીયીનના ૨૦ માં હાદીએ અઝહર સૈયેદના વ મૌલાના અબૂ હાતિમ તૈયેબ ઝિયાઉદ્દીન સાહેબ (રિ.અ.) ના ૫ શાઅબાન ૧૪૩૬ હિ. ના દિન ઈન્તેકાલ પુરમલાલ બાદ અસ-સનતુલ ઊલા યાઅની પહેલું સાલ આપના જાઁનશીન ૪૫ માં દાઈયુલ મુત્લક હાતિમુલ ખૈરાત, રબીઉલ બરકાત અબૂ સઈદિલ ખૈર હાતિમ ઝકીયુદ્દીન સાહેબ (ત.ઉ.શ.) ની રાહબરી અને હિદાયતમાં, ઈમામુઝઝમાન (અ.સ.) ની બા-હશમતો જલાલત નિયાબતમાં પૂરી તૌકીરો ઈઝઝત સાથે ગુઝરૂં.

આપના વરસીના મીકાત પર આકા મૌલાએ મઝારે યુસૂફીમાં આપની કબરે અન્વરની ઝિયારતથી મુશર્રફ થાતા મુમેનીનને મુખાતિબ થઈને ફરમાવું કે, અલ-મૌલા અલ-મુકદ્દસ બાવાજી સાહેબ (રિ.અ.) ની ૪૨ સાલ ૧૮ અય્યામની મુદ્દતે દાઅવત દરમિયાન આપે કૌમો મિલ્લતની બહેબૂદી, આબાદી, તરક્કી અને ઈલ્મી ઊરૂજની જે દોઆઓ ફરમાવી તેનો અસર અને નતીજો આજે હમને માઅલૂમ થઈ રહ્યો છે. આપની ઝિક્રે ખૈર સાથે આપ આજે મુમેનીન-મુમેનાત-બચ્ચાંઓની ઝબાન પર ઝિંદા છે. આપના ચહેરએ અન્વરની નૂરાની તસ્વીર અને પુરલુત્ફ તકરીરની યાદોં આજે હર ખાસો આમના દિલોંમાં તાઝા છે. જે મુજબ ફલદાર દરખ્તનું નાનું છોડ નાંખા બાદ વરસો પછી તેના ફલની લઝઝત ઉઠાવી શકાય છે તેમ આપે વાવેલા દોઆઓના નાના-નાના છોડના ફલની લઝઝત **આજે મુમેનીન તાઅલીમી તરક્કી, તિજારતી બહેબૂદી, મકાનાતની આબાદી અને ઈબાદતોંની પાબંદીની શિક્લમાં ઉઠાવી રહ્યા છે.**

(બકીયાહ પેજ નં. ૮ પર)

**નમાઝ પઢવી તેના કરતા દોઆઓ સાથે નમાઝ પઢવી ઝિયાદહ કાબિલે મન્ઝૂર છે.**

(પેજ નં. ૭ નું બાકી)

તા. ૪-૫ શાઅબાન ૧૪૩૭ હિ. ના દિનોંમાં અલ-હય્યુલ મુકદ્દસના પહેલા ઉર્સની મજલિસોં મસ્જિદે નૂરાનીમાં મુન્અકિદ થઈ. જમાઅતના તમામ મુમેનીન-મુમેનાત વાસ્તે ઈત્આમુત્તઆમની સુન્નતે મુઅક્કદહ જારીયહ કરવામાં આવી. આપ મૌલાની કબરે તૈયેબની બરકાત હાસિલ કરવા મુમેનીન આપની ઝિયારતથી મુશર્રફ થયા. આકા મૌલાએ ફરમાવું કે, "અપની નાની જમાઅત, અલવી જમાઅતનો કોઈ પણ મુમિન ત્રણ ચીઝોંથી વાબિસ્તા રહેશે તો તે દુનિયાના કોઈ પણ કોનામાં પહોંચશે પણ પોતાની શનાખ્તને કદી નહીં છોડે. ૧) મસ્જિદ, ૨) મઝાર, ૩) મજલિસ. આ ત્રણ ચીઝોંથી અપની પહેચાન કાઈમ છે. આ ચીઝોં અપને અપની જડ અને થડ સાથે જોડીને રાખે છે. આ ત્રણે ચીઝો એકબીજા સાથે વાબિસ્તા છે અને અપના દોઆતે હક્કે તેનો મકામ સાચવી રાખેલો છે. અપની હકીકત, હક્કાનીયત અને હક્કપરસ્તી તરફ પહોંચવા હક્કતઆલાનું ઘર યાઅની મસ્જિદ, હક્કતઆલાની સીડી યાઅની દોઆતના મઝારાત અને હક્કતઆલાના ફરિશ્તાઓનો ઝુમ્રો યાઅની મજલિસ સાથે વાબિસ્તગી હોવી બેહદ ઝરૂરી છે."

જે શખ્સનો તઅલ્લુક આ ચીઝોથી હોતો નથી, તે ગુમ્રાહી, બદગુમાની અને ફિત્નાનો શિકાર થઈ જાય છે. અપની હકીકતથી અંજાન હોવાના સબબ બીજા ફિરકાના બદ-અકીદાઓના ફંદામાં આસાનીથી ફસાઈ જાય છે. આમ તેના વિચારો, નઝર, આઅમાલ અને વહેવાર ફસાદદાર થઈ જાય છે. ન તો તે પૂરો અલવી મુમિન રહે છે ન તે બીજાનો બનીને રહે છે. ઘડીયાલના લોલક મુજબ, આમતેમ ડામાડોલ થાયા જ કરે છે. તેની કોઈ ચીઝમાં સિબાત કે સંજીદગી બાકી રહેતી નથી.

"એમ કોઈ વાર સવાલ ન થાય કે, અપને બીજાથી અલગ કેમ છે? પણ એમ પૂછાય કે, બીજા શું કામ અપનાથી અલગ છે? કેમકે, યાદ રાખો કે, બીજાઓ અપનાથી અલગ થયા છે, તેઓએ દીને અસલી અને દીને હક્કની બુનિયાદોંને જ છોડી દીધી છે. તો જેઓ અસલ ચીઝને છોડી દે તો જુદા પડવાના જ છે. પછી તે નમાઝના વક્તો હોય, નમાઝના અરકાન હોય, નિસ્ફિલ્લૈલની નમાઝ હોય, રોઝા છોડવાનો તરીકો હોય, ઈદ મનાવવાનો દિન હોય, હજ્જ પઢવાના અરકાન હોય, ગદીરે ખુમ્મના તારીખી વાકેઆને માનવું હોય, મોહર્રમની મજલિસો હોય, મૌ. અલી (અ.સ.) ની વસાયત હોય, મૌ. હસન (અ.સ.) થી ઈમામતનું માનવું હોય, ઝકાતને અદા કરવું હોય, કબરોની ઝિયારત હોય વગૈરહ વગૈરહ. જે શખ્સે સેન્ટર-મરકઝને જ છોડી દીધું તે સર્કલ-દાએરામાં કેમ રહી શકે!"

**✵ તદબીર ફાઉન્ડેશનને માતહત હેલ્પલાઈનની શુરૂઆત અને વર્કશોપ :**

તા. ૧૬ શાઅબાન ૧૪૩૭, રવિવારે, હોટલ સૂર્યા પેલેસ મુકામે, હુઝૂરેઆલી સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) ની પુરઝિયા હાઝરીમાં તદબીર ફાઉન્ડેશને ફેમિલી બોન્ડીંગ અને ડાયનામિક્સ - ફેમિલીના હર નાના-મોટા અફરાદના કિરદાર અને તેમાં પૈદા થાતી તકલીફોના હલ વાસ્તેનો સેમિનાર રાખો હતો. વડોદરાના રાજવી ઘરાણાના ખાતૂન શુભાંગિની રાજે ગાયકવાડ અને શહેર મેયર ડૉ. ભરતભાઈ ડાંગર પણ પ્રોગ્રામમાં શામિલ રહ્યા હતા. પરકૌમના ઘણા ભાઈઓ-બહેનોએ આ સેમિનારથી ઈસ્તેફાદો લીધો હતો. સ્પીકર્સની પેનલમાં ડૉ. રાજકુમાર, ડૉ. ઈસ્માઈલ પાલા, ડૉ. જમીલા ફિરદૌસ, ડૉ. અલ્કા સ્માર્ટ વગૈરહએ પોતાના ખયાલોં પૈશ કરીને, ફેમિલીની બંદિશ આપસી ગુફતગૂ, એતેમાદ, એહતેરામ, ઝિમ્મેદારી, ઈમાનદારી અને મોહબ્બત પર કેમ બરકરાર રહે, તેની એહમીયતને આજના તૈઝ-રફતાર, વાઈ-ફાઈના માહૌલમાં વાઝેહ કીધું હતું.

આ ફંકશન દરમિયાન આકા મૌલાએ પોતાના દસ્તે શરીફ પર પૂરા ગુજરાત સ્ટેટના લોગો વાસ્તે એક હેલ્પલાઈન ખુલ્લી મુકી. જે એક હફતામાં ત્રણ દિન, સોમવાર-બુધવાર-જુમ્આ, ફજેરે ૧૦:૦૦ થી બપોરે ૧૨:૦૦ વાગા સુધી ખુલ્લી રહેશે અને જેના ઝરીએ કોઈ પણ કૌમના અફરાદ ઈઝદેવાજી, ઘરેલું, બચ્ચાંઓના મસઅલાનો હલ જાણી શકશે. ખિદમતે ખલ્ક વાસ્તે અપની જમાઅત તરફથી આટલા મોટા પૈમાના પર પહેલી અને ખૂબ જ ઉમ્દા કોશિશ છે. તમામ અખ્બારોંમાં આ ચીઝની ઝિક્ર ખાસ કરવામાં આવી, જેથી અપની કૌમનું પરચમ ખૂબ બલંદતર થયું.

(બકીયાહ પેજ નં. ૯ પર)

**ભૂખા-પ્યાસા રહીને રોઝા રાખવા તેના કરતા અમલે ખૈર કરીને રૌઝા રાખવા ઝિયાદહ કાબિલે મન્ઝૂર છે.**

(પેજ નં. ૮ નું બાકી)

આકા મૌલાએ આપના બયાનમાં ફરમાવું કે, આજે પણ અપનો સમાજ માઁ-બાવાજી અને ઘરવા વડીલોં સાથે રહેવામાં જ ભલાઈ સમઝે છે. જેનાથી બીજા લોગોને ઈબરત લેવી જોઈએ. અપને જોઈએ છીએ કે, પહેલે તમામ જગા પર જોઈન્ટ ફેમિલી હતી. બધા સાથે રહેતા હતા. કોઈ તકલીફ પૈશ આવે તો એકબીજાનું સંભાલી લેવાતું હતું. ખુશી-ગમીમાં તમામ હમશરીક હતા. કોઈ, કોઈનું ન માને તો ઘરમાં હાઝિર બીજાના ઝરીએ પણ મનાવી લેવાતું હતું. બુઝુર્ગોની શરમ હતી. અદબ અને લેહાઝ હતો. વક્તોંની પાબંદી હતી. રિશ્તાઓની એહમીયત હતી. હર કોઈનો ખાસ કિરદાર હતો. **લેહાઝા તે ફેમિલી એક સાચી ફેમિલી હતી.**

હવે જોઈન્ટ ફેમિલી, ન્યૂકલીયર ફેમિલી બની ગઈ છે. મરદ-બૈરો અને તેના બચ્ચાં રહી ગયા છે. જોબ હોય તો ઝિયાદહ મુસીબત. જો કોઈ ચીઝમાં ગડબડ થાય તો તેને સીધું કોણ કરે? બુઝુર્ગોની બાદબાકી હોવાથી ઘરમાં બચ્ચાંઓને તરબીયત, અદબ અને લેહાઝ કોણ શિખાવે? ઘરમાં નાની-નાની ચીઝો કોણ સુલઝાવે. ન્યૂકલીયર ફેમિલીના સબબ રિશ્તાઓમાં ખાલીપણ અને તેમાં તન્હાઈની ફૂગ લાગી ગઈ છે.

હવે ન્યૂકલીયર ફેમિલી, નેનો ફેમિલી બની ગઈ છે. ફક્ત મરદ યા તો બૈરો. અગર મરદ-બૈરો હોય તો કહે છે કે હમને હમણા ઔલાદની ઝરૂરત નથી. હમેં હમારા જોબ-કરીયરમાં ઘણા બીઝી છે. હમારા પાસે ફેમિલી સાચવવાનો બિલકુલ ટાઈમ નથી. મુસીબત પર મુસીબત. આ મુઆમેલો કહાઁ જઈને અટકશે! અજબ વાત છે કે, આજે જવાનો કરીયરને ઝિંદા રાખવા માઁ-બાવાજીના અરમાનો, ફેમિલી અને ઈઝદેવાજી ઝિંદગીનું ખૂન કરી રહ્યા છે. અપનું દીન બિલકુલ આની ઈજાઝત આપતું નથી.

આકા મૌલએ ફેમિલીના હરએક શખ્સના એકબીજા સાથે તઅલ્લુકાત અને કિરદારોને પાયથાગોરસના ત્રિકોણ ની મિસાલ આપી. આપે ફરમાવું કે, બધા જ જાણે છે કે ત્રિકોણના ત્રણ કોણા અને ત્રણ સાઈડ હોય છે. **"એ" ને લઈએ તો તે ફેમિલીના બુઝુર્ગો છે, "બી" છે તે ફેમિલીમાં માઁ-બાવાજી છે અને "સી" છે તે ફેમિલીના બચ્ચાંઓ છે.** આ ત્રણે નો તઅલ્લુક જો એકબીજા સાથે બરાબર હોય, સરખો હોય, પાકો હોય અને બધા કોઈ એક પોઈન્ટ સાથે એકબીજા સાથે મિલતા હોય તો જ પૂરૂં ત્રિકોણ બને છે. બુઝુર્ગો, માઁ-બાવાજી અને તેની ઉંમરના બીજા ઘરના લોગો, બચ્ચાંઓ જો ફેમિલીમાં શામિલ હોય તો જ ફેમિલીનું ત્રિકોણ પૂરૂં થાય છે.

ફેમિલીમાં હમદર્દી, અપનુંપણ અને ઈખ્લાસ તે જ વક્ત આવશે કે, બુઝુર્ગોના તઅલ્લુક તેમના ફરઝંદ અને દિકરા-વહુ સાથે અને ઘરના બચ્ચાંઓ સાથે, દિકરા-વહુનો તઅલ્લુક બુઝુર્ગો અને બચ્ચાંઓ સાથે, બચ્ચાંઓનો તઅલ્લુક માઁ-બાવાજી અને બુઝૂર્ગો સાથે બરાબર હશે. જો એક પણ રિશ્તામાં ખલિશ કે ભંગાણ પડશે તો ફેમિલી વેરવિખેર થઈ જાશે અને આ ત્રિકોણ પોતાની હસ્તી ખોઈ દેશે. ત્રણે કોણા તરફથી પૈદા થાતી મોહબ્બતની લીટી એકબીજા તરફ સરખી જાવી જોઈએ. તો જ ફેમિલીની મઝબૂતી કાઈમ રહેશે. ત્રણે કોણાની જગા અલગ છે અને તેનો કિરદાર તે જાણે છે અને તેને અદા કરવામાં જો ખૂબીથી કામ લે તો તે ફેમિલી એક મિસાલી ફેમિલી બની શકે છે.

**બધી જ મુસીબત ઝબાનથી આવે છે.** ખુદાતઆલાએ ઈન્સાનના ચહેરા પર પણ બે ત્રિકોણ બનાવેલા છે. બે આઁખ સાથે ઝબાન અને બે કાન સાથે ઝબાન. જે સાંભલશે અને જોશે તે ઝબાનથી બોલશે. રિશ્તાઓનો બિગાડ ઝબાનના ખરાબ વપરાશથી થાય છે. જે શખ્સ આ બે ત્રિકોણને સંભાલશે અને જ્યાં જેટલી ઝરૂરત હોય તેટલું જ વાપરશે તો ઈન્સાન તેની ફેમિલીમાં ખુશમાહૌલ અને ખુશફિઝા ઉભી કરી શકે છે.

**હેલ્પલાઈન નંબર : ૧૮૦૦ ૧૦૨ ૧૨૪૫**

**✵ મદ્રસહ તૈયેબીયહની સાલાના ઇમ્તેહાન :**

(બકીયાહ પેજ નં. ૧૦૫૨)

**ફક્ત મસ્જિદમાં ફજરમાં ફાતેહા પઢવા તેના કરતા કબરે મુબારક જઈને દોઆત વાસ્તે દોઆએ તકદીસ પઢવી ઝિયાદહ કાબિલે મન્ઝૂર છે.**

**જમાઅતના મુમેનીન મુખ્લેસીન ને ઈદુલ ફિતર યાઅની ઈદુન્નેઅમત મુબારક અને મોહન્ના થાય. આકા મૌલા હુઝૂરેઆલી (ત.ઉ.શ.) ના વસીલાથી ખુદા તઆલા રમઝાનુલ મોઅઝ્ઝમના હર અમલને એની બારગાહમાં કુબૂલ ફરમાવે. આમીન...**

(પેજ નં. ૯ નું બાકી)

હર સાલના માઅમૂલ મુજબ આ સાલ પણ મદ્રસાની સાલાના -ફાઈનલ ઈમ્તેહાન તા. ૨૨ શાઅબાન થી ૨૬ શાઅબાન તક બદરી મોહલ્લા અને આજવા રોડ પર અલગ-અલગ દિન રાખવામાં આવી હતી. સાહેબે દાઅવતની હિદાયતો રઝાથી મોહતમિમ મુલ્લા અમીરૂદ્દીનભાઇ ઝરીવાલા એ ઉમ્દા તૌર પર ઈમ્તેહાનને તરતીબ આપી હતી. જેમાં કુરઆને કરીમની કિરાત, અન્વારૂલ કુરઆન યાઅની સૂરતોંની માઅના, તહારત-નમાઝની દોઆઓ, તારીખી - અકીદાની માઅલૂમાત, લેસાનુદાઅવતની પઢાઈ અને કિતાબત વગૈરહના ઈમ્તેહાન શામિલ છે. કુલ ૪૦૦ ફરઝંદો-દુખ્તરોં મદ્રસહને માતહત દીની ઈલ્મ હાસિલ કરી રહ્યા છે. બદરી મોહલ્લા અને આજવા રોડ પર મોટી શુમારમાં બચ્ચાંઓ છે. તે સિવાય ફખરી મોહલ્લા, ફતેહગંજ, બુસાહેબાના ઝૈર દારૂસ્સલામ પર પઢનાર, નડીયાદના બચ્ચાંઓનો શુમાર પણ છે. આહિસ્તા-આહિસ્તા જે વાલેદૈન અપના સમાજથી દૂર છે, મદ્રસહની તાઅલીમને લાયક તેમનાં બચ્ચાંઓ ની ઉંમર છે, તેઓ ઓનલાઈન તાઅલીમથી પણ ફાયદો ઉઠાવી રહ્યા છે. ઓનલાઈન તાઅલીમની ઝિમ્મેદારી મદ્રસહના ચંદ તજરૂબેકાર ઉસ્તાદ સાહેબોએ ઉઠાવી છે.

વેકેશનનો માહૌલ બચ્ચાંઓ વાસ્તે ફરાગત અને ફુરસદનો હોય છે. તેમાં પૂરેપૂરો દીની તાઅલીમથી ફાયદો હાસિલ કરી શકાય છે. વેકેશન સિવાયના મહીનાઓમાં જે વક્ત સ્કૂલોં ચાલું હોય અને ભણતરનો બોઝ ઝિયાદહ હોય તેમાં મદ્રસાની તાઅલીમમાં જે કચાશ રહી ગઇ હોય, તે આ વેકેશન દૌરાન૧-૧/૨ મહીનામાં પૂરી કરી શકાય છે. વાલેદૈન અગર એમ સમઝતા હોય કે, તેમનાં બચ્ચાંઓ વાસ્તે કુરઆને કરીમ પઢી લેવા, કે વુઝૂ-નમાઝ આવડી જવી કાફી છે, તાઅલીમ પૂરી થઇ ગઇ, તે બરાબર નથી. **કોઇ વક્ત પણ તાઅલીમ પૂરી થાતી નથી.** હર વક્ત ઈન્સાન તાલિબે ઈલ્મ જ છે. બચ્ચાં બચપણામાં જેટલું ઝિયાદહ પઢશે, શીખશે તેટલું જ તેના દિલ પર ગહેરૂં નક્શ થઈ જાશે. મદ્રસહની પઢાઈ બચ્ચાંને ઉમ્રભર કામ લાગશે અને જે તહેઝીબો અદબ તેએ હાસિલ કીધી હશે તે હમેશા તેના સાથે રહેશે. વાલેદૈન પર લાઝિમ છે કે, બચ્ચાંના પઢવાના શૌકને પસ્ત ન કરે મગર પૂરી તાઅલીમ લેવા પર રગબત અપાવે.

આકા મૌલા ફરમાવે છે કે, "મદ્રસો બચ્ચાંની તરબીયત વાસ્તે નીવ-બુનિયાદ છે. જે મુજબ બાગમાં બાગબાનની નઝરના નીચે એક ખૂબસૂરત ફૂલોથી લેહલહાતું દરખ્ત તૈયાર થાય છે, તેમ મદ્રસહની તાઅલીમી બાગમાં અહલુલ બૈત (અ.સ.) ના ઈલ્મના પાનીથી એક બા-અખ્લાક બચ્ચું તૈયાર થાય છે. **આ તે જમાલદાર ફૂલો છે જે મૌત તક મુરઝાતા નથી અને મૌત બાદ તેની ખુશ્બૂ જન્નતમાં લઇ જાય છે.** "

અલ-મૌલા અલ-મુકદ્દસ (રિ.અ.) ના ઝમાનમાં આપના ફરમાનથી દાઅવતે શરીફહના હરમના સૈયેદાતમાંથી આપના દુખ્તરોં અલ-મુઅઝ્ઝમહ હસનાબુ અને અલ-મુઅઝ્ઝમહ શુકરાનાબુએ મદ્રસહ તૈયેબીયહમાં બચ્ચાંઓ ને તાઅલીમ આપવાની શુરૂઆત કીધી. તકરીબન ૧૦ સાલથી હુઝૂરેઆલી સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) ની હિદાયતો સબકને માતહત ખૂબ મહેનત-મશકક્કત કરીને બચ્ચાંઓને તૈયાર કીધા છે અને દાઅવતે હાદીયહની નહેજો રસમ પર ચાલવા તરબીયત કીધી છે. આ સાથે મદ્રસહના અરકાનને મઝબૂત કરવા મુલ્લાં અમીરૂદ્દીનભાઇ ઝરીવાલા, હદ્દ સાહેબ નૂરૂદ્દીન ઝરીવાલા, મુલ્લાં ઈમદાદહુસૈન સુરકાવાલા અને મુલ્લાં નાદેઅલી દુર્ગાવાલા ના કિરદાર નાકાબિલે ફરામોશ છે. મદ્રસહથી વાબિસ્તા દીગર ઉસ્તાદ સાહેબો જે સાલોંથી ફરઝંદો-દુખ્તરોંની નફસોને ઈલ્મો અદબના ઝૈવરથી મુઝય્યન કરીને એક તાઅલીમ-યાફતા પૌત તૈયાર કરી રહ્યા છે, તેઓની તમામ તદબીરાત કાબિલે દાદ અને લાઈકે તહેસીન છે. ☆

**ઝકાતને સદકાનું નામ આપી દેવું તેના કરતા ઝકાતને દાઈયુલ્લાહ તક પહોંચાવવું ઝિયાદહ કાબિલે મન્ઝૂર છે.**

## રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ૧૨ સુન્નતો – કિસ્ત -૧૪

### ભલાઈ કરવી અને તેનો હુકમ કરવો

મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) આપના દિલના ચૈન નૂરૂલ ઐન મૌ. ઈમામ હસન (અ.સ.) અને મૌ. ઈમામ હુસૈન (અ.સ.) ને એવી પાકીઝા ઝિંદગી ગુઝારવા તરફ વસીયત કરે છે કે, જેમાં ભાઈઓના હક્ક બરાબર અદા થાય, ભાઈઓ એકબીજાથી રાઝી રહે, ખુશી-ગમીના મૌકાઓ પર એકબીજાના સાયા જેમ રહે, હર તે ચીઝથી પરહેઝ કરે કે જેથી ભાઈને ગમે નહીં, ભાઈ તન્હા થાય નહીં, ભાઈ મજબૂર-મોહતાજ થાય નહીં.

આપ ફરમાવે છે કે, **"જે કોઈ પોતાના ભાઈને વાસ્તે ખાડો ખોડશે તે પોતે જ તે ખાડામાં પડશે."** ખુદાતઆલા એવો ઈન્કેલાબ લાવે છે કે, બીજાને ફસાવવા વાસ્તે જે કોઈ જાલને બિછાવે તે પોતે જ તે જાલમાં ફસાઈ જાય. આ દુનિયાના હાલાત તમામ વાસ્તે એક જેવા રહેતા નથી. આજે જે ચીઝથી અપને બીજાને દુઃખી જોઈએ છીએ અને તેના દુઃખ પર ખુશ થઈએ છીએ, તો એવું બનશે કે તે જ ચીઝ કાલે અપના વાસ્તે પણ દુઃખ લઈને આવશે. એવો કૂવો ખોદીએ કે તેમાંથી તમામ ભાઈઓ મીઠું પાની પીએ અને દોઆ ગુઝારે. ખાડો તો નુકસાન જ પહોંચાવશે, પછી તે ખોદનારને હોય કે તેમાં પડનારને હોય.

**"જે કોઈ પોતાના ભાઈના પડદાને ફાડશે તેના ફરઝંદોના ઐબો ખુલ્લા પડશે."** કેટલી શરમની વાત કહેવાય કે, પોતાની ઝાતમાં એટલા બધા ઐબ હોય કે એને ખુદ ખબર ન હોય અને એ બીજાના ઐબ નિકાલવામાં વક્તને ઝાયેઅ કરે. ખુદના ઐબોને દૂર કરવા તમામ ઐબોનો ઈલાજ છે, પણ પોતાના ઐબોને નઝરઅંદાઝ કરીને બીજાના ઐબો તરફ નઝર કરવી મોટામાં મોટો ઐબ છે. ઐબને ઢાંપવું અલગ છે અને ઐબને મિટાવવું અલગ છે. દૌલત તમામ ઐબોને ઢાંકી દે છે, મિટાવી શક્તી નથી, કોઈ પણ વક્ત તે ઝાહિર થઈ શકે છે. પણ ઈલ્મે હક્ક અને આઅમાલે સાલેહાત ઐબોને જડથી મિટાવી દે છે. ઈન્સાનનું ઝાહિર-બાતિન એક કરી નાંખે છે. ઈન્સાનને એક હદ તક બેઐબ કરી દે છે.

જેમ જિસ્મ પર પહેરેલો લિબાસ તેના ઐબને છુપાવી દે છે. તેમ **તકવાનો લિબાસ નફસના નાના-નાના ઐબો પર પડદો નાંખી દે છે.** જે વક્ત આ નાના-નાના ઐબો મોટા ગુનાહોંની શિક્લ ઈખ્તિયાર કરી લે છે, તે વક્ત તમામ પડદા ફાટી જાય છે અને પછી તેને કોઈ લિબાસ છુપાવી શક્તો નથી. હરએક ઈન્સાનમાં ઐબ મૌજૂદ છે. ઐબદાર શખ્સ જ એના ભાઈના ઐબ નિકાલે તો તે કેટલી મોટી જેહાલત કહેવાય. કોઈ શખ્સ તેના ભાઈના ઐબ તેની ઝબાનથી ઝાહિર કરે છે. ઝબાન કાતર જેમ છે. જેમ કાતર કપડાને કાપી નાંખે છે, તેમ ઐબ નિકાલનારી ઝબાન ભાઈની ઈઝ્ઝતને કાપી નાંખે છે. ✯

## ઝરૂરી એલાન

ધોરણ ૧ થી ૩ : ૯૦% યા તેનાથી વધુ / ધોરણ ૪ થી ૭ : ૮૦% યા તેનાથી વધુ

ધોરણ ૮,૯ અને ૧૧ : ૭૫% યા તેનાથી વધુ

**SSC, HSC, Graduate અને Post Graduate** : ૬૫% યા તેનાથી વધુ

કોઈ પણ Medium યા discipline માં ઝેરે તાઅલીમ મુમેનીનના હોનહાર ફહીમ ફરઝંદો-દુખ્તરોના આ સાલ final examination માં ઉપર આપેલી માહિતી મુજબ Grade યા Marks આવા હોય એ તમામ વાલેદૈનથી હમારી ગુઝારિશ છે કે, શવ્વાલુલ મુકર્રમ મહીનાની ૨ થી ૧૦ તારીખ દરમિયાન પોતાના દીકરા-દીકરીનો નૂરાની લિબાસમાં પાસપોર્ટ સાઈઝ ફોટો અને Marksheet ની Xerox ૫૦/-રૂા. ના હદીયા સાથે Alavi Community Centre, બદરી મોહલ્લા મુકામે સવારે ૧૦:૩૦ થી ૧૧:૩૦ દરમિયાન જમા કરાવી જાય. ઈન્શાઅલ્લાહ મિશ્કાતુલ હાદીના ઝિલકાદના શુમારા સાથે અપની વેબસાઈટ www.alavibohra.org પર Standardwise ફોટો શાયેઅ કરવામાં આવશે. SSC, HSC અને કોલેજના સ્ટૂડન્ટસ વાસ્તે આવતા શુમારામાં ઝાહેરાત કરવામાં આવશે.

અપની કૌમી વેબસાઈટ પર ઘણા વક્તથી **"Shining Star"** નું કોલમ ચાલુ છે. Academic Qualification સિવાય પણ અપની જમાઅતના હોનહાર students, Extra-Curricular Activities યા કોઈ Specialized Course માં ગૈરમાઅમૂલી કામિયાબી હાસિલ કરતા હોય છે. આ અખ્બાર કે વેબસાઈટ એવા તમામ students ની હોંસલા-અફઝાઈ વાસ્તે તેમના Achievement ની ઝિક્રે ખૈર કરવાનો ઈરાદો રાખે છે. લેહાઝા, પૂરી details સાથે ઉપર મઝકૂર જગા પર આવી નામ દરજ કરાવી જાય યા તેઓ હમને email પર contact કરી શકે છે. **Email** : al_haadi@alavibohra.org. ✯

**ભૂલભરી ઈબાદત ઝિયાદહ કરવા કરતા સહી ઈબાદત થોડી કરવી તે ઝિયાદહ કાબિલે મન્ઝૂર છે.**

## ક્યા ફાતેમા (અ.સ.) હૈ

જિગર ગૌશએ મુસ્તુફા ફાતેમા હૈ,
ખદીજહ કે દિલ કી દોઆ ફાતેમા હૈ.
નુબૂવત કા મકસદ, ઈમામત કા હાસિલ,
સમઝના હે દુશ્વાર ક્યા ફાતેમા હૈ.
તહારત મુસલ્લમ હે મરિયમ કી લેકિન,
વો હે ઈબ્તેદા, ઈન્તેહા ફાતેમા હૈ.
નબી ઔર અલી જૈસે ખૈરૂલ બશર હૈ,
ઉસી તરહ ખૈરૂન્નિસા ફાતેમા હૈ.
હકીકત જો પૂછો તો બાદે નુબૂવત,
ઈમામત કા એક આસરા ફાતેમા હૈ.
મોહંમદ હે ગર મુદ્દોઆએ દો આલમ,
મોહંમદ કા ભી મુદ્દોઆ ફાતેમા હૈ.
બઝાહિર નબી તો નહીં હે યે લેકિન,
નુબૂવત કા એક આઈના ફાતેમા હૈ.
અલી કો ભી ફાકોં મેં દી હે તસલ્લી,
અલી કી ભી મુશ્કિલકુશા ફાતેમા હૈ.
અગર પડદે મેં રૂએ અન્વર ન હોતા,
નુસૈરી યે કહેતે ખુદા ફાતેમા હૈ.
ખુદા કે સિવા ફાતેમા કો જો કહીએ,
મૈં કહેતા હું ઈસસે સિવા ફાતેમા હૈ.
સમઝતા હું સાજિદ મેં સજદા ઈસી કો,
ઝુબાઁ પર મેરી ફાતેમા ફાતેમા હૈ. ☆

(પેજ નં. ૧૫ નું બાકી)

**મુશ્કિલ અલ્ફાઝ :**

મરકઝી - અહમ
કિરદાર - રોલ
વકાર - એહતેરામ
નુકસ - ખોડ, ઐબ
ફઝાઈલ - ફઝીલતોં
ફહેમ - સોચ-વિચાર
બસારત - જોવાની તાકત
બસીરત - અકલની ગહેરાઈથી જોવાની તાકત
કતરા - બુંદ, ટીપું
આલમ - માહૌલ ☆

## તિજારત


યા અલી મદદ

" વ્હોરા આલમમાં " ટોપી " નું રાજ, જાણે શોભે મસ્તકે તાજ "

**ભાઇસાહેબ ઈબ્રાહીમ**

**સરનામું :** વાડી બદરી મોહલ્લા નાકા, વડોદરા-૧૭.

**આવી રહેલા ઇબાદતના મહિનાઓની તૈયારી રૂપે અમારે ત્યાં મનપસંદ ડીઝાઇનોમાં દરેક પ્રકારની ટોપીઓ મળશે.**

**સમય : સાંજે ૫ થી ૮ / મો.: ૯૪૨૭૮૪૧૧૨૩**

**Unique Collection**
**(Electronic Products)**
LED T5 Tube Lights / T5 Tube Lights
LED Bulbs / LED Panel Lights
Light/Fan On/Off with Remote Control
Switches Accessories / CFL Lights
Emergency Lights / Emergency Solar Lights
Bluetooth Speakers / Water Fountain Speakers
Extension Boards and other electronic products
Contact :
**Umallawala Mohammadhusain**
Umallawala Building, Opp. Surti Video,
Badri Mohalla, Wadi, Vadodara - 390 017.
**M.: 9998769628**

**Contact us for washing your real Zari Kasab Jodis and also for Washing Real Koran with Dupatta at reasonable rates**
Contact :
**M.: 9879110472 / 9698860914.**

**ફેન્સી પર્સ, ઝોલ્લો બનાવી આપીશું તથા દુપટ્ટા, સાડી, પરદી, રૂમાલ, ચાદર વગેરેને બીડીંગ ઇન્ટરલોક, કોડીંગ કરી આપવામાં આવશે.**
(શાદી વગેરે પ્રસંગ માટે કવરો બનાવી આપીશું.)
ફોન : ૯૭૩૭૬૭૩૬૭૦ / ૯૫૫૮૩૯૧૨૯૫. ☆


**મખ્લૂકનો ડર રાખવા કરતા ખાલિકનો ડર રાખીને હર ચીઝને અદબ સાથે તેના વક્ત પર અદા કરવી ઝિયાદહ કાબિલે મન્ઝૂર છે.**

**વક્તને ઝાયેઅ કરનાર ઘણા દોસ્તોં રાખવા કરતા સહી મશ્વરો આપનાર એક દોસ્ત રાખવો ઝિયાદહ કાબિલે મન્ઝૂર છે.**

## સૈ. ફખરૂદ્દીન સાહેબ (આ.કુ.)
## તસ્નીફશુદા બૈત : આમીન રબ્બુલ આલમીન

**ઉર્સ મુબારક : ૨૦ શવ્વાલ**

આયત જે છે કુરઆનમાં,
જિબ્રીલની તે ઝબાનમાં,
ઉતરી નબીના મકાનમાં,
દાઈઝમાનની શાનમાં,
આ ગુલ પડો રિઝવાન માં,
આમીન રબ્બુલ આલમીન.

જે છે હરફ યાસીન ના,
કાઈલ ઝકીયુદ્દીન ના,
હાકિમ છે શરએ મુબીન ના,
માલિક ઝમાનો ઝમીન ના,
તાહા છે એના બયાન માં,
આમીન રબ્બુલ આલમીન.

ઈઝ્ઝતમાં સૂરએ હલ અતા,
ઈફ્ફતમાં સૂરએ ઈન્નમા,
ઝીનતમાં સૂરએ વઝ્ઝોહા,
ઈસ્મતમાં આયએ કુલ કફા,
બોલો ખુદા ફુરકાન માં,
આમીન રબ્બુલ આલમીન.

પાકી ને સૌમો સલાત છે,
હજ્જ ને જેહાદો ઝકાત છે,
બીજા અમલ સદકાત છે,
મમ્સૂલ એના દોઆત છે,
અવ્વલ છે એ ઈમાનમાં,
આમીન રબ્બુલ આલમીન.

નાઈબ નબીના મકામ નાં,
દાઈ છે હક્કના ઈમામ નાં,
તૈયેબ અલૈહિસ્સલામ નાં,
હાદી છે ખાસો આમ ના,
રૌનક છે એથી જહાનમાં,
આમીન રબ્બુલ આલમીન.

સલવાત હક્કના દોઆત પર,
આલે રસૂલે હોદાત પર,
અબ્વાબે ઈલ્મે હયાત પર,
કિશ્તીએ બેહરે નજાત પર,
કુલ વક્ત કુલ અઝમાન માં,
આમીન રબ્બુલ આલમીન.

એનો જે કોઈ હબીબ છે,
તે શખ્સ નેક નસીબ છે,
દુનિયામાં ફઝલે અજીબ છે,
ઉકબામાં હક્કને કરીબ છે,
અફઝલ છે કુલ ઈન્સાન માં,
આમીન રબ્બુલ આલમીન. ✩

## તૈયબ ઝિયા મૌલા કો, દિલ સે ન જુદા કરના

તૈયેબ ઝિયા મૌલા કો, દિલ સે ન જુદા કરના,
ઈસ નામ કી તસ્બીહ કો, તુમ વિરદે ઝબાઁ રખના.
પત્થર કે બહે આઁસૂ, મૌલા કી જુદાઈ મેં,
અફલાકો ઝમીં રોએ, ઈસ શેહ કી વિદાઈ મેં,
ઈસ ગમ મેં સદા મુમિન, તું જાઁ કો ફિદા કરના,
તૈયેબ ઝિયા મૌલા કો, દિલ સે ન જુદા કરના.

સબ મુમિનોં કો તુમને, નઝરોં મેં સમાયા થા,
ઔર ઝિયાદહ કરમ તેરા, કે દિલ મેં બસાયા થા,
એહસાન યે મૌલા કા, હરગિઝ ન ભુલા દેના,
તૈયેબ ઝિયા મૌલા કો, દિલ સે ન જુદા કરના.
નુરૂલ કે વો હમશાઁ થે, ઔર રાજદુલારે થે,
ઉસ ગોદ મેં જા પહોંચે, જિસ ગોદ કે પાલે થે,
જન્નત સે હમારે પર, રહેમત કી નિગાહ કરના,
તૈયેબ ઝિયા મૌલા કો, દિલ સે ન જુદા કરના.

કિસ શાન સે મૌલા ને, દાઅવત કો સંભાલા થા,
યે ગુલશને અલવી કો, ઈખ્લાસ સે સિંચા થા,
ખિદમત તુમ યે મૌલા કી, હરગિઝ ન ભુલા દેના,
તૈયેબ ઝિયા મૌલા કો, દિલ સે ન જુદા કરના.
હાતિમ ઝકી મૌલાના, મરહૂમ કે જાની હૈં,
અન્વારે ઈમામી સે, રોશન યે પેશાની હૈં,
યા રબ મેરે મૌલા કી, તું તૂલ બકા કરના,
તૈયેબ ઝિયા મૌલા કો, દિલ સે ન જુદા કરના.

એય મૌલા તેરી તાઅત, ખિદમત હી સે ઔર ઈમાઁ હે,
તેરી હુબ્બ પે યે દમ નિકલે, બસ ઈતના હી અરમાઁ હે,
ઝાકિર કી ભી નૈયા કો, તુમ પાર લગા દેના,
તૈયેબ ઝિયા મૌલા કો, દિલ સે ન જુદા કરના. ✩

**ખુદા પર તવક્કુલ છોડીને શિકાયત કરવા કરતા દુઃખમાં ખુદાથી રાઝી રહેવું ઝિયાદહ કાબિલે મન્ઝૂર છે.**

## દરસે લિસાનુદ્દાઅવત

### آنكھ

الله تعالىٰ يه انسان ني پيدائش ما آنكھ نو عجب مقام بخشيلو چھے۔ انساني جسم ما چهره نے مركزي كردار جه موجب حاصل چھے، ته موجب چهره ما آنكھ نے چھے۔ چهره بدصورت هوئي تو جسم نے كوئي عزّة انے وقار ملتو نتهي۔ هوے اگر جو آنكھ ما نقص، قصور انے خامي هوئي تو چهره ني سوں حالت تهائي! قرآن كريم ني آنكھ، آية الكرسي چھے كه جه امير المؤمنين مولانا علي عم ني شانات انے فضائل سي پر چھے۔ رسول الله صلع ايم فرماوتا هتا كه، أ مهارا بيوے نواسا مولانا الحسن المجتبى عم انے مولانا الحسين المظلوم عم مهاري بے آنكھو چھے يعنى كه أ بے بهائيو ني امامت مهارا دين واسطے آنكھو چھے۔ جيم هر چيز نو دروازو هوئي چھے انے تهما داخل تهاوا واسطے دروازا سي گزرؤو ضروري بنے چھے تو انسان نا عقل و فهم نو دروازو تهني آنكھ چھے۔

آنكھ سي جوؤ بے طرح سي چھے۔ ١) بصارت انے ٢) بصيرة۔ بصارة واسطے آنكھ نے جهاں تك كوئي چيز روشني نه آپے وهاں تك آنكھ سي جوئي سكاتو نتهي، يعنى كه آنكھ نے پوتاني روشني هوتي نتهي۔ بصيرة يعنى كه، ته نظر كه جه عقل انے عقيدة سي تعلق راكھے۔ آنكھ ني أ خاصية حق نا صاحب امام الزمان عم نا عهد و ميثاق بغير ممكن نتهي۔ تمام آنكھ نے كه جه صحيح هوئي، بصارة هوئى چھے، مگر خدا نا پسنديده بنده، حق نا پيارا، داعي ني معرفة راكھنارا نے ج بصيرة ني نعمة ملے چھے۔ يعنى ته شخص هر چيز نے عقل ني آنكھ سي جوئي چھے۔

مولانا امام علي زين العابدين عم فرماوے چھے كه، خدا تعالىٰ نے بے طرح نا قطره سوائے كوئي بيجا قطره اتنا محبوب نتهى۔ ١) ته قطره خون نو جه راه خدا ما جهاد كرتا كرتا ايك مجاهد نا بدن سي نكلو هوئى، انے ٢) ته قطره كه جه رات نا اندهارا ما تنهائي نا عالم ما ايك عبادة گزار ني آنكھ سي عذاب الٰهي نا خوف نا سبب نكلو هوئى۔

### આઁખ

અલ્લાહતઆલાએ ઈન્સાનની પૈદાઈશમાં આઁખનો અજબ મકામ બખ્શેલો છે. ઈન્સાની જિસ્મમાં ચહેરાને મરકઝી કિરદાર જે મુજબ હાસિલ છે, તે મુજબ ચહેરામાં આઁખનો છે. ચહેરો બદસૂરત હોય તો જિસ્મને કોઈ ઈઝઝત અને વકાર મિલતો નથી, હવે અગર જો આઁખમાં નુક્સ, કુસૂર અને ખામી હોય તો ચહેરાની શું હાલત થાય! કુરઆને કરીમની આઁખ આયતુલ કુરસી છે કે, જે અમીરૂલ મુમેનીન મૌલાના અલી (અ.સ.) ની શાનાત અને ફઝાઈલથી પુર છે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એમ ફરમાવતા હતા કે, આ મારા બેવે નવાસા મૌલાના હસનિલ મુજતબા અને મૌલાના હુસૈનિલ મઝલૂમ (અ.સ.) મારી બે આઁખોં છે. યાઅની કે આ બેવે ભાઈઓની ઈમામત મારા દીન વાસ્તે આઁખોં છે. જેમ (બકીયાહ પેજ નં. ૧૫ પર)

**દુનિયાદારીમાં પોતાને ખોવા કરતા દીનદારીમાં દુનિયાને ખોવી ઝિયાદહ કાબિલે મન્ઝૂર છે.**

(પેજ નં. ૧૪ નું બાકી)

હર ચીઝનો દરવાઝો હોય છે અને તેમાં દાખિલ થાવા વાસ્તે દરવાઝાથી ગુઝરવું ઝરૂરી બને છે, તો ઈન્સાનના અક્લો ફહેમનો દરવાઝો તેની આઁખ છે.

આઁખથી જોવું બે તરહથી છે : ૧) બસારત અને ૨) બસીરત - બસારત વાસ્તે આઁખને જહાઁ તક કોઈ ચીઝ રોશની ન આપે વહાઁ તક આઁખથી જોઈ શકાતું નથી. યાઅની કે આઁખને પોતાની રોશની હોતી નથી. બસીરત યાઅની કે, તે નઝર કે જે અક્લ અને અકીદાથી તઅલ્લુક રાખે. આઁખની આ ખાસીયત હક્કના સાહેબ ઈમામુઝ્ઝમાન (અ.સ.) ના અહદો મીસાક બગૈર મુમ્કિન નથી. તમામ આઁખને કે જે સહીહ હોય, બસારત હોય છે, મગર ખુદાના પસંદીદહ બંદા, હક્કના પ્યારા, દાઈના માઅરેફત રાખનારાને જ બસીરતની નેઅમત મિલે છે. યાઅની તે શખ્સ હર ચીઝને અક્લની આઁખથી જોઈ છે.

મૌલાના ઈમામ અલી ઝૈનુલ આબેદીન (અ.સ.) ફરમાવે છે કે, ખુદાતઆલાને બે તરહના કતરા સિવાય કોઈ બીજા કતરા એટલા મહેબૂબ નથી. ૧) તે કતરો ખૂનનો જે રાહે ખુદામાં જેહાદ કરતા કરતા એક મુજાહિદના બદનથી નિકલો હોય અને ૨) તે કતરો કે જે રાતના અંધારામાં તન્હાઈના આલમમાં એક ઈબાદતગુઝારની આઁખથી અઝાબે ઈલાહીના ખૌફના સબબ નિકલો હોય.

(બકીયાહ પેજ નં. ૧૨ પર)

## ફાતેમા (અ.સ.) છે મોહંમદ (સ.અ.વ.વ.) ના પ્યારી

ફાતેમા છે મોહંમદના પ્યારી, જેની કદર છે આઅલાને ન્યારી,
લયલતુલ કદર છે ઝિક્રિ જેની, કરે કુરઆન અંદર છે બારી,
જેની કદરની શાનની ખાતિર, કીધી મરિયમ ને છે જાઁનિસારી,
કીધી ખિદમત શરફ લેતા કુદસી, જેના અંગણને પાઁખોંથી ઝારી,
જેના ઉપર નબી મુસ્તફાના, પછી આઅદાએ મહેનત ઉતારી,
થયું નુબૂવતનું ઘર ફાતેમાનું, તેના ઉપર ચઢી આવો નારી,
બોલો, દરવાઝો ખોલો, નહીં તો, ઘર જલાવીશ મેં આગ લગારી,
ફાતેમા મુરતઝાની રઝા થી, ખોલી દર થયા તેના પિછારી,
દરને પાડો છે ફાતેમા ઉપર, તે લઈ એ લાતને મારી,
રસ્સો નાંખી અલીના ગલામાં, ચલા ખિન્ઝીરના છે અગારી,
કહી કુન્ફુઝને દિર્રા મરાવા, ફાતેમા પર સખ્ત મુસીબત ગુઝારી,
ગાલ ઉપર તમાંચાઓ મારા, થી અદાવતની એકદમ ખુમારી,
પેટ પકડીને ફાતેમા તડપા, કરતા થા મૌતની ઈન્તેઝારી,
રોટી આખરી હાથે બનાવી, હુસનૈનને પોતે જમારી,
કુદસી આલમ તરફ રાત અંદર, ફાતેમા ની ચાલે છે સવારી,
બીબી ફાતેમા જે વક્ત સિધારા, હુસનૈન છે રોયા પુકારી,
ફાતેમાની મુસીબત પર તમેં રોજો, આઁખ થી આઁસૂં કરીને જારી,
ફાતેમા પર હઝાર સલામો, સલવાતને પઢજો અય બારી,
તૈયેબુલ અસ્ર એના છે દિલબંદ, સબ ઈમામોમાં શાન છે ભારી,
એના નાઈબ છે હાતિમ ઝકી સરવર, જેથી સબ્ઝ છે દાઅવતની વારી,
ફાતેમીયત આ હઝરતની ખિદમત, અય તૈયેબી સઆદત છે તારી.☆

**મઝાક-મશ્કરી-ગીબત કરતા ઈલ્મો હિકમતની ઝિક્રમાં વક્તને ગુઝારવો ઝિયાદહ કાબિલે મન્ઝૂર છે.**

## હુઝૂરેઆલી સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) ફરમાવે છે કે,

✳ પ્યારા નૌનિહાલો! તમેં તમારા ઘરોંમાં રોઝ ફજેરે કુરઆને કરીમને પઢજો. બલંદ આવાઝથી પઢજો, તરતીલ સાથે પઢજો. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) નો આ આઅલામાં આઅલા મોઅજિઝો છે. કુરઆન પઢવાથી ઘરમાં ફરિશ્તાઓનો નુઝૂલ થાય છે. તેની કિરાતથી આફત-બલા દૂર થાય છે, મરહૂમોની મગફેરત થાય છે. દુનિયાના કોઈ કલામ કુરઆનની બરાબરી પર ન આવી શકે.

✳ મુમેનાત! તમારૂં કીમતીમાં કીમતી ઝૈવર હયા-શરમ છે. તમેં હર વક્ત મકના-ચાદરમાં રહો. તમારા આવાઝમાં નરમી, તમારી નઝરમાં શરમ અને તમારા અખ્લાકમાં પાકીઝગી ઝલકવી જોઈએ. નમાઝના વક્તોંમાં તમેં બાહર-બાઝારોંમાં ન નિકલજો.

✳ મુમેનીન! આ દાઅવતે હક્ક મૌ. નૂહ નજીયુલ્લાહની કિશ્તી છે. દાઈ તરફની તમારી વલાયત અને નુસ્રતથી દાઈ આ કિશ્તી ચલાવે છે. આ કિશ્તી પર સવાર થાનારની નજાતનો ઝામિન ખુદ અલ્લાહતઆલા છે. હું મારા મૌલા હુસૈન (અ.સ.) નો દાઈ છું અને આપ મૌલાની શહાદત-માતમની બરકત તમને આ નૂરાની કિશ્તી પર સવાર કરશે અને મંઝિલે નજાત તરફ લઈ જાશે.

✳ મુમેનીન! બોલતા પહેલા સલામ બોલો. કોઈની તમેં મુલાકાત કરો અને કલામ કરતા પહેલા તમેં જો એને સલામ કીધો હશે તો એના દિલમાં તમારી અઝમત પૈદા થાશે. જન્નતી લોગોની આદત અને સીરત સલામ બોલવું છે. રહેમતવાલા રબનો કૌલ પણ સલામ છે જે આયતને હમેં યાસીનની સૂરતમાં પઢીએ છીએ. બદબખ્ત તે શખ્સ છે જે સલામ બોલવામાં કંજૂસી કરે. ફરિશ્તા જે વક્ત અંબિયા પર ખુદાનું ફરમાન લઈને નાઝિલ થાતા હતા તો પહેલા ખુદાનો સલામ પહોંચાડતા હતા. ✯

## ઉમ્દા નુક્તા

- બહેતરીન દિન : આજે
- અઘરામાં અઘરી ચીઝ : નૈક કામની શુરૂઆત
- હારની જડ : ડર
- સહેલામાં સહેલું કામ : બીજામાં ઐબ જોવા
- ઘણી નકામી ચીઝ : ઘમંડ, તકબ્બુરી
- ઘણી કામની ચીઝ : ઈન્સાનીયત સાથે ખિદમત
- મોટામાં મોટી ભૂલ : નૈક કામને વચમાંથી છોડી દેવું
- મોટી પીછેહઠ : હુંપણું
- મોટી રાહત : બહેતરીથી કામ અંજામ આપવું
- ગરીબી : કામકાજનો જોશ ખત્મ થાવો
- અમીરી : બીજાને મુઆફ કરવા
- આઅલા હદીયો : બીજા વાસ્તે ફાયદો ચાહવો
- પસ્ત અહેસાસ : બીજાની કામિયાબી પર ખુશ ન થાવું
- દર્દનાક ચીઝ : હાર પર રોવું
- મોટી નેઅમત : ગલતી માનવી અને સુધારો કરવો. ✯

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**નોંધ : મિશ્કાતુલ-હાદીના** માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઈ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઈ (મુંબઈમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ 100/- (પોસ્ટેજ સાથે)**

મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૯૩૦૩૨૧૪૪૦. ★